ગાંધીનગર સમાચાર
તા. ૮-૭-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

મોંઘવારી ઘટાડવા મામલે ભાજપ પણ કોંગ્રેસના રસ્તે

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર સત્તામાં આવી ત્યારથી જ દેશની પ્રજા તેની પાસેથી મોંઘવારીમાં ઘટાડાની ને ભાવવધારામાં રાહતની અપેક્ષા રાખી છે. કમનસીબે લોકોની આ અપેક્ષા સંતોષાઇ નથી અને ભાવવધારાને રોકી શકાતો નથી. કેન્દ્રમાં સત્તા સંભાળ્યા ૪૦ દિવસ પછી પણ નરેન્દ્ર મોદી સરકાર એવું કશું કરી શકી નથી કે જેના કારણે લોકોને રાહત મળે ને એવા કોઇ સંકેત પણ મળતા નથી. મોંઘવારી તથા ભાવવધારાના કારણે લોકો દાઝેલા છે ને એ સંજોગોમાં મોદી સરકાર તેમના જખ્મો પર મલમ લગાવીને રાહત આપે તેવી અપેક્ષા ખોટી નથી પણ એવી રાહત આપવાના બદલે મોદી સરકારના બે વરિષ્ઠ પ્રધાનો એવા નાણાં મંત્રી અરૂણ જેટલી તથા અન્ન પુરવઠા પ્રધાન રામવિલાસ પાસવાને લોકોના ઘા પર મીઠું ભભરાવતાં નિવેદનો કરીને પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી નાખ્યાં. રામવિલાસ પાસવાન તથા અરૂણ જેટલી બંનેએ એવા દાવા કર્યા કે ભાવવધારો અને મોંઘવારી કામચલાઉ છે ને દેશમાં જે રીતે ગયા વરસની સરખામણીમાં વધારે ખાદ્યાન્નનું ઉત્પાદન થયું છે તે જોતાં મોંઘવારી તો ઉલ્ટાની ઘટવી જોઇએ પણ સંગ્રહખોરો અને કાળા બજારીયાઓના પાપે મોંઘવારી વધી છે તથા ભાવવધારો બેફામ બન્યો છે. આ વાત કર્યા પછી બંનેએ રાજય સરકારોને સૂફિયાણી સલાહ આપી કે તેમને સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ પર તૂટી પડવું જોઇએ અને મોંઘવારી ઘટાડીને લોકોને રાહત આપવી જોઇએ. પાસવાને એવું ડહાપણ ડહોળ્યું કે રાજય સરકારોએ પક્ષીય રાજકારણની પર રહીને સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ પર તૂટી પડવું જોઇએ ને લોકોનો રાહત આપવી જોઇએ. જેટલીના દાવા પ્રમાણે દર વરસે જુલાઇથી ડિસેમ્બરના મહિનાઓ દરમિયાન આ રીતે ભાવો વધે જ છે ને તેનું કારણ બજારીયાઓ સક્રિય થઇ જાય છે. એ લોકો બજારમાં નવો માલ આવે એટલે તેને ખરીદી લઇ તેનો સંગ્રહ કરવા માંડે છે ને પછી માલની અછત થાય ત્યારે તેમને બહાર કાઢે છે. એ લોકો એ રીતે ચીજવસ્તુઓના કાળાબજાર કરીને ધૂમ કમાણી કરે છે ને રાજય સરકારોએ આ સંગ્રહખોરો અને કાળા બજારીયાઓને સીધા કરીને પોતે સારા શાસક છે તે સાબિત કરે. રામવિલાસ પાસવાન તથા અરૂણ જેટલીની વાત સૈદ્ધાંતિક રીતે સાચી છે ને મોંઘવારી તથા ભાવવધારા માટે સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ જવાબદાર છે તે વાતમાં દમ પણ છે પણ સવાલ એ છે કે આ વાતમાં નવું શું છે? આ વાતમાં નવું કશું જ નથી ને દેશના સામાન્યમાં સામાન્ય માણસને પણ ખબર છે કે મોંઘવારી અને ભાવવધારા માટે સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ જવાબદાર છે. પાસવાન તથા જેટલીએ તેમાં કશું નવું કહ્યું જ નથી ને સૌથી મહત્ત્વની વાત તો એ છે કે લોકોએ કેન્દ્રમાં ભાજપ સરકારને એ જ્ઞાન આપવા માટે નથી બેઠાડી કે મોંઘવારી તથા ભાવવધારા માટે સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ જવાબદાર છે પણ એ કેન્દ્રમાં પોતાની સરકાર રચીને સંગ્રહખોરો અને કાળા બજારીયાઓને સીધા કરે તથા મોંઘવારી ઘટાડે એ માટે બેસાડી છે. પાસવાન તથા જેટલીએ એ કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય ને તેને બદલે એ લોકો ડહાપણ ડહોળવા બેઠા છે અને વધારે આઘાતજનક વાત એ છે કે મોંઘવારીને રોકવાની જવાબદારી પોતાની જ ના હોય એ રીતે વર્તી રહ્યા છે. રાજય સરકારોએ સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ પર તૂટી પડવું જોઇએ તેવી વાત કરીને તેમણે પોતાની જવાબદારીથી હાથ ખંખેરી જ નાંખ્યા છે ને તેના બદલે રાજય સરકારો પર જવાબદારી નાખી દીધી છે. રસપ્રદ વાત એ છે કે આ કામ તો કેન્દ્રમાં મનમોહનસિંહની સરકાર હતી ત્યારે એ પણ કરતી જ હતી. મનમોહનસિંહ સરકારના પ્રધાનો પણ પાસવાન તથા જેટલી જે વાત કરે છે તે જ વાત કરતાં હતા. મતલબ સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ પર રાજય સરકારોએ તૂટી પડવું જોઇએ ને તેમને સીધા કરીને મોંઘવારીને કાબૂમાં લાવવી જોઇએ. એ વખતે ભાજપના નેતાઓ કેન્દ્રની કોંગ્રેસ સરકારના માથે માછલાં ધોતા હતા ને કોંગ્રેસ સરકાર મોંઘવારીને નાથવામાં સદંતર નિષ્ફળ ગઇ છે એવા છે એવો આક્ષેપો કરતા હતા. એ વખતે કોંગ્રેસ કહેતી કે રાજય સરકારો મોંઘવારીને રોકવામાં સફળ નથી થતી ને સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ પર તૂટી નથી પડતી તેથી ભાવો વધે છે. ભાજપના નેતાઓ એ વખતે કોંગ્રેસને પલાયનવાદી અને સાવ નકામી ગણાવતા હતા. હવે ભાજપના પ્રધાનો પણ એ જ વાત કરે છે ને એ જ રેકર્ડ વગાડે છે કે જે કોંગ્રેસના નેતાઓ વગાડતાં હતા.

પ્રેરણા વિદ્યાલયના બાળકો પોલીસ સ્ટેશનની મુલાકાતે

પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સેકટર-૭ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. પી.આઈ. શ્રી કે.એમ. જોસેફે વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક આવકાર્યા હતા. પોલીસ સ્ટેશનની કામગીરીથી વાકેફ કર્યા હતા. વિદ્યાર્થીઓને સ્વરક્ષણની સમજ આપી હતી. બાળકોને રીમાન્ડ રૂમ, લોકઅપરૂમ, ઈન્વેસ્ટીગેશન વાયરલેસ, કાઈમ શાખાની મુલાકાત કરાવી સમજણ આપી હતી. સિનિયર પોલિસ ઈન્સ્પેકટર શ્રી જે.એમ. ભરવાડે વિદ્યાર્થીઓને જીવનપયોગી સુચનો કરી શીખ આપી હતી. બાળકો સાથે વાતચીત કરીને બાળકોને ખુશ કર્યા હતા. આચાર્યશ્રી સ્વાતિબા રાઓલે આભાર વ્યકત કર્યોહતો. શાળાના ટ્રસ્ટી શ્રી બિહોલા સાહેબે શુભેચ્છા વ્યકત કરી હતી.

જીઈબી સ્વામિયોગાનંદ શિશુ વિદ્યાલયમાં ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા. ૭

જીઈબી કોલોની સ્થિત શ્રી સ્વામિયોગાનંદ શિશુ વિદ્યાલયમાં શાળા પંચાયત ચૂંટણી યોજવામાં આવી હતી. પ્રાથમિક વિભાગના જી.એસ.(સરપંચ) તરીકે ઉત્સવ પ્રજાપતિ અને એલ.આર. તરીકે નેહા ઠાકોર ચૂંટાઈ આવ્યા છે.

શહેરની પ્રથમ ઈંટ જયા મુકવામાં આવી હતી તે જીઈબી કોલોનીમાં આવેલ શ્રી સ્વામિયોગાનંદ શિશુ વિદ્યાલયમાં જી.એસ., એલ.આર. અને ક્લાસ પ્રતિનિધિની ચૂંટણી યોજવામાં આવી હતી. શાંતિપૂર્ણ માહોલમાં યોજાયેલ ચૂંટણીમાં પ્રાથમિક વિભાગના જી.એસ. તરીકે ઉત્સવ પ્રજાપતિ અને નેહા ઠાકોર અને માધ્યમિક વિભાગમાં જી.એસ. તરીકે વિરેન્દ્ર સુમરા અને એલ.આર. તરીકે મૈત્રી પટેલ વિજયી બન્યા છે.

જ્યારે પંચાયતમાં વોર્ડમાં સદસ્યો હોય છે. તેવી રીતે ક્લાસ પ્રતિનિધિ તરીકે ધોરણઃ૪ રાહુલ ઠાકોર, પ્રિયંકા સોલંકી ધોરણ-૫ વિજય સિંધા, વિધિ પરમાર, ધોરણ-૬ મહેશ્વરી પટેલ, અદનાન શેખ, ધોરણ-૭ હર્ષ વાઘેલા, આશિકા પ્રસાદ, ધોરણ-૮ લક્ષ પરમાર, માહિન મુલતાની, ધોરણ-૯-અ, ખુશ્બુ શેખ, શકીલ સિપાઈ, ધોરણ-૯-બ, ફાલ્ગુની ગાંધી, નીતિન ઠાકોર, ધોરણ-૧૦-અ આશા ભરવાડ, આદર્શ ગાંધર્વ અને ધોરણ-૧૦-બમાં સોનલ નાયી અને જયપાલ વાઘેલા ચૂંટાઈ આવ્યા છે.

ચૂંટાયેલા પ્રતિનિધિઓનો આગામી સમયમાં વિધિવત રીતે શપથવિધિ સમારોહ યોજવામાં આવશે. કાર્યક્રમમાં ચૂંટણી કમિશનરની ભૂમિકા જયંતિભાઈ પટેલ અને એ.પી. પટેલે ભજવી હતી.

પ્રેરણા વિદ્યાલયમાં ગૌરીવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૭

મોળાકત વ્રત કરી પોતાની મજબુત મનોશકિતનો પરિચય આપતી શકિત સ્વરૂપા દિકરીઓને બિરદાવવાના ભાગરૂપે ગૌરીવ્રત નિમિત્તે જયોતિ મહિલા મંડળ અને પ્રેરણા વિદ્યાલય દ્વારા દીકરીઓ માટે મહેંદી હરિફાઈ કેશ ગુંથન, વેશભૂષા હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. દીકરીઓને ભાગ લેવા જયોતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન ચોકસીએ જણાવેલ છે.

તા. ૧૦મી જુલાઈના રોજ સેકટર-૫માં બપોરે આ સ્પર્ધાઓ યોજાશે તેમ આચાર્યા સ્વાતિબા રાઓલે જણાવેલ છે.

વોલીબોલ ટુર્નામેન્ટ

સે-૬માં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મદિન નિમિત્તે નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી રાત્રિ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં વિવિધ ૮ ટીમોએ ભાગ લીધો હતો. જયારે ભારે રસાકસીના અંતે સરસ્વતી સિકસરની ટીમનો વિજય થયો હતો. એકતા અને અખંડિતતા માટે બલિદાન આપનારા ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મદિન નિમિત્તે જિલ્લામાં રકતદાન, વૃક્ષારોપણ, વકતૃત્વ સ્પર્ધા ઉપરાંત વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સે-૬માં વોર્ડ નં. ૯ના કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલે વોલીબોલ ટુર્નામેન્ટ ખુલ્લી મુકી હતી. આ તબક્કે નહેરુ યુવા કેન્દ્રના રજનીભાઈ સુથાર પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા ટીમના ખેલાડીઓને સે-૬ના યુવા અગ્રણીઓ અતુલભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, દિપક પટેલ તેમજ ભીમદેવભાઈએ પ્રોત્સાહીત કરી ઈનામો એનાયત કર્યા હતા.

હેલ્પીંગ હેન્ડના વિદ્યાર્થીઓ સમર્પણ મૂક-બધીર વિદ્યામંદિરની મુલાકાતે

ગાંધીનગર, તા. ૭

હેલ્પીંગ હેન્ડ દ્વારા સેક્ટર-૨૮માં આવેલ સમર્પણ મૂક બધીર શિશુ વિદ્યામંદિરની મુલાકાત લેવામાં આવી હતી. હેલ્પીંગ હેન્ડ દ્વારા સંસ્થામાં ખાદ્ય સામગ્રીની ચીજવસ્તુઓનુંદાન કરવામાં પણ આવ્યું હતું.

શહેરના સેક્ટર-૨૮માં સમર્પણ મૂક-બધીર શિશુવિદ્યામંદિર આવેલ છે. આ શાળાની હેલ્પીંગ હેન્ડના હાલારી વિસા ઓસવાળના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓની સાથે ગૃહપતિ પ્રવિણભાઈ પણ જોડાયા હતા ત્યારે આ વિદ્યાર્થીઓએ મૂક બધીર શાળામાં બાળકોને તેલ, સાબુ, શેમ્પુ, બિસ્કીટ, ચોકલેટનું વિતરણ કર્યુ હતું. તેમજ હેલ્પીંગ હેન્ડ દ્વારા ૧૦૦૦ હજાર કિલો ચોખા, ૫૦૦ કિલો ઘઉં, ૩૦૦ કિલો મગદાળ, ૧૫૦ કિલો તુવરદાળ અને ૧૨ ડબ્બા તેલનું દાન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સમર્પણના બાળકોસાથે કેક કાપી ઉજવણી કરી હતી.

હરિની દૃષ્ટિ...

આજે, તારું બીપીએલ કાર્ડ રદ્ કરવામાં આવે છે... તું રોજ અઢીસો ગ્રામ દીંડોરા ખરીદે છે... હવે તારે રીટર્ન પણ ભરવું પડશે... !!

પેથાપુરમાં સ્વામી વિવેકાનંદ વાલી મંડળની સ્થાપના

પેથાપુર, તા.૭

વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા પેથાપુરના વાલીમંડળની રચના કરવામાં આવી. પેથાપુર ગ્રામસભામાં હાઈસ્કુલમાં કથળતું શૈક્ષણિક ધોરણ, ફી વધારા સામે આક્રોશ વ્યકત કરવામાં આવ્યો હતો. સ્વામી વિવેકાનંદ વાલી મંડળની રચના કરવામાં આવી છે. પ્રમુખ તરીકે શ્રી વિનુસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા, મહામંત્રી શ્રી પોપટલાલ એસ. પ્રજાપતિ, ઉપપ્રમુખશ્રી અનિલસિંહ વાઘેલા, ગણપતસિંહ વાઘેલા, મંત્રીશ્રી કનુભાઈ રામાભાઈ પટેલ, કોષાધ્યક્ષ ડાભી ભરતસિંહ લક્ષ્મણસિંહ, સલાહકારો શ્રી અસરસિંહ વાઘેલા, દિનુભાઈ દરજી, શૈલેષભાઈ પટણી તથા ૧૧સભ્યોની કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.

જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૪ માં ભારતીય મૂળના કયા વ્યક્તિના પ્રયોગો નાશા અંતરિક્ષમાં મોકલી રહ્યું છે?
→ પ્રેરણા પાઇ

૨. તાજેતરમાં પ્રકાશિત થયેલ પુસ્તક 'બ્લડ ફ્યુડ : ઓબામા અને ક્લિંટન' ના લેખક કોણ છે?
→ એડ્વર્ડ ક્લેન

૩. વર્ષ ૨૦૧૪માં સીમા સુરક્ષાદળના કયા દળે ટેલીમેડીસીન પરિયોજના ચાલુ કરી છે?
→ પંજાબ ફ્રન્ટીયર

૪. વર્ષ ૨૦૧૪ 'વિશ્વ વિટીલિગો દિવસ' કયારે મનાવવામાં આવ્યો હતો?
→ ૨૫ જૂન

૫. વર્ષ ૨૦૧૪ 'આંતરરાષ્ટ્રીય રેડિયો પુરસ્કાર'થી કોને સન્માનિત કરવામાં આવ્યા હતા?
→ મનપ્રીતસિંહ

૬. વર્ષ ૨૦૧૪માં અમેરિકાના વાઇટ હાઉસ દ્વારા ચેમ્પિયન્સ ઓફ ચેંજ પુરસ્કાર કોને એનાયત થયો હતો?
→ પ્રતિષ્ઠા ખન્ના

૭. વર્ષ ૨૦૧૪માં વિશ્વ બેંકે ભારતના કયા ક્ષેત્રના સુધાર માટે રિપોર્ટ જાહેર કર્યો હતો?
→ ઉર્જા ક્ષેત્ર

૮. ૨૦૧૪માં ભારતીય મૂળના કયા ન્યાયધીશને સિંગાપોરના એટર્ની જનરલ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે?
→ વી.કે.રાજા

૯. ભારતીય કોલસા લિમિટેડ સંસ્થાના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ એ.કે. દુબે

૧૦. રાષ્ટ્રીય રબર પોલિસી માટે બનાવવામાં આવેલી સમિતિનાં અધ્યક્ષ કોણ છે?
→ રજની રંજન રશ્મી

૧૧. વર્ષ ૨૦૧૪ સંયુક્ત રાષ્ટ્રસંઘ જનસેવા દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
→ ૨૩ જૂન

૧૨. તાજેતરમાં નિધન પામનાર માયા એજિલો કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?
→ લેખાકાર (લેખન)

૧૩. વર્ષ ૨૦૧૪ ફિફા વિશ્વ કપનું આયોજન કયા દેશમાં થઇ રહ્યુ છે?
→ બ્રાઝીલ

૧૪. ૨૦૧૪માં કયા રાજયની વિધાન સભામાં સર્વશ્રેષ્ઠ ટેકનોલોજી ધરાવતી ડિઝીટીલ કોંગ્રેસ નેટવર્ક સિસ્ટમ લગાવવામાં આવી છે?
→ રાજસ્થાન

૧૫. અલ-શબાબ આતંકવાદી સંગઠન કયા દેશમાં સક્રિય છે?
→ સોમાલીયા

૧૬. એન્ટીસિપેટીંગ ઇન્ડિયા - ધ બેસ્ટ ઓફ નેશનલ ઇંટેરેસ્ટ નામના પુસ્તકના લેખક કોણ છે?
→ શેખર ગુપ્તા

૧૭. વર્ષ ૨૦૧૪માં ભારતીય મૂળના કયા વિદ્યાર્થીએ નેશનલ જીયોગ્રાફીક બી Natioanl Geographic - Bea) સ્પર્ધા જીતી હતી?
→ અખિલ રેકૂલપેલ્લી

૧૮. તાજેતરમાં ભારતના મહાવાણિજ્ય દૂતાવાસ ઉપર આતંકવાદી હુમલો થયો હતો તે મહાવાણિજ્ય દૂતાવાસ અફઘાનિસ્તાનમાં કયા સ્થળે આવેલું છે?
→ હેરાત

૧૯. સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ કયારે મનાવવામાં આવે છે?
→ ૨૨ જૂલાઇ

૨૦. તાજેતરમાં ભારતીય મહિલા બેંકના અધ્યક્ષ તરીકે કઇ મહિલાની પસંદગી કરવામાં આવી છે?
→ ઉષા અનંત સુબ્રમણિયમ

નિરાશ કે હતાશ બની ગયેલી કોઇ વ્યક્તિને આપણે મધુર સ્મિત, પ્રેમાળ વાણી અને લાગણીભર સ્પર્શ માત્રથી પણ મનોબળ આપી શકીએ!

વિચારસભા
ચાલો મનોબળ વધારીએ !

નેહર જયદીપ ગઢવી

મનોબળ એટલે આત્મબળ. દ્રઢ મનોબળવાળા લોકો થકી જ સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. અનેક લોકોના એવા ઉદાહરણ વખતોવખત મળ્યા છે કે, જેમને કુદરતે કેટલીક શારીરિક અપૂર્ણતાઓ આપી હોય! આમાંના ઘણાં લોકો આ તમામ શારીરિક ક્ષતિઓ સામે લડીને પણ જીવનમાં સિદ્ધિના શિખરો સર કરી શક્યા છે. અને આ વિષયમાં હેલન કેલરથી મોટું ઉદાહરણ ભાગ્યે જ હોઇ શકે! ઇ.સ. ૧૮૮૦માં જૂને અમેરિકાના આલબામા રાજયના ટ્યુકુમ્બિયા નામના નાના ગામમાં જન્મેલા આ મહાન મહિલાનું જીવન આજે પણ પ્રેરણાના સ્ત્રોત સમાન છે. દંઢ મનોબળનું સર્વોચ્ચ ઉદાહરણ આપણા શાસ્ત્રોમાં ભીષ્મ પિતામહનું છે. સંપૂર્ણ સ્વસ્થતા અને દ્રઢતાથી તેઓએ જે નિશ્ચય કર્યો તેને આજીવન વળગી રહ્યા. વીર સાવરકરને જયારે કાળા પાણીની સજા થઇ ત્યારે અંગ્રેજ અધિકારીએ તેમને કહ્યું કે તમારી જિંદગી તો હવે જેલમાં પૂરી થશે! પરંતુ, આ વાતથી વીર સાવરકરે સ્હેજ પણ ડગ્યા નહિ કારણ કે તેમનું મનોબળ કાળા પાણીને ઘૂઘવતા જળ વચ્ચે મક્કમ બનીને ઊભા રહેલા ખડક જેવું હતું! તેમને જેલરને જવાબ આપ્યો કે મારી સજા પૂરી થશે તે પહેલાં આ દેશ પરથી અંગ્રેજ સત્તા પૂરી થશે અને દેશ આઝાદ બનશે! દંઢ મનોબળથી ઘણીવાર ચમત્કારિક અસર થતી હોય છે! જયારે કોઇ નાની એવી વાતમાં અનુકૂળ પરિણામ ન આવે તો જિંદગી હારી ગયા હોઇએ તેવું માની લેવાની જરૂર નથી. અને આ વાતાવરણ સમાજમાં સૌએ સામૂહિક રીતે ઊભું કરવું પડશે. પ્રશ્ન આપણો છે, સમસ્યા આપણે જ ઊભી કરેલ છે તો તેનો ઉકેલ પણ આપણે જ શોધવો પડશે.

બંદર છો દૂર છે
જાવું જરૂર છે
બેલી તારો, બેલી તારો, બેલી તારો
તું જ છે!

વર્તમાન યુગમાં **Electronic equipments** ના વધુ પડતાં ઉપયોગના કારણે તેમ જ **Special media** ના અવિવેકી ઉપયોગને લીધે ઉપરછલ્લી રીતે એક વ્યક્તિ અન્ય વ્યક્તિ સાથે સંકલાયેલી દેખાય છે. પરંતુ, અન્ય વ્યક્તિના મન સુખી પહોંચવામાં તે નિષ્ફળ બને છે. તે ઇન્ટરનેટની મદદથી કેટલાય કિલોમીટર દૂર રહેતા મિત્ર સાથે તો સંપર્કમાં રહે છે. પરંતુ, તેની સાવ બાજુમાં મકાનમાં રહેતી કોઇ વ્યક્તિનો તેને પરિચય પણ નથી! વિભક્ત કુટુંબો અને **Working Parents** હોવાને કારણે બાળક નાનપણથી જ પોતાની લાગણીઓ, ક્રોધ, રોષ, મુંઝવણ, પ્રેમ તથા આનંદ કોઇ અંગતની સાથે **Share** કરવાનું શીખ્યો જ નથી. એવા સમયે **Internet** નો સહારો લઇને કે **Video games** માં પોતાની જાતને પરોવી તે પોતાની મનઃસ્થિતિને અવગણતો થઇ જાય છે! આ બધી બાબતો લાંબા સમયે તેના વ્યક્તિત્વ પર અસર કરે છે. તેનું મનોબળ ક્રમશઃ ક્ષીણ થતું જાય છે. માટે જ સ્વામી વિવેકાનંદ લખે છે કે,

"જે કેળવણી
જીવનના સંઘર્ષ માટે સજ્જ થવામાં
સહાય આપતી નથી,
ચારિત્ર્યની શક્તિને, લોકલ્યાણની ભાવનાને
અને સિંહના જેવી હિંમતને ખીલવતી નથી,
તે શું કેળવણીના નામને લાયક છે?"

આપણે ત્યાં સાધનોના ઉપયોગને મદદરૂપ ગણવાને બદલે આપણે સાધનાના ગુલામ બની જઇએ છીએ. દેખાદેખી અને એશઆરામની જિંદગીના નામે ગમે તેટલો ખર્ચ કરતાં પણ વ્યક્તિ અચકાતી નથી. પણ, દુર્ભાગ્યવશ જયારે આ પ્રકારની સુખ-સુવિધાઓ તેને પ્રાપ્ત ન થઇ શકે ત્યારે તેના વિના ચલાવી લેવાની વૃત્તિ કેળવવાને બદલે તેના મનોબળ પર પ્રહાર થાય છે. તે અંદરથી તૂટવા લાગે છે. દુનિયાની સમક્ષ તે () આપે છે. પરંતુ, એકાંતમાં અલ્પ મનોબળના કારણે ક્ષુબ્ધ બની જતો જણાય છે! માટે ખરેખર તો બાળકોને બાળપણથી જ જીવનના સંઘર્ષ સામે લડતાં શીખવવું જરૂરી છે. અને તે માટે કવિઓએ બાળકો માટે લખ્યું પણ છે. બાળશિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોએ પણ આ માટે પ્રયત્નો કર્યા છે. બાળચેતનાની સાથે અનુસંધાન સાધી શકે તેવા પ્રેરક કાવ્યો બાળકોને નાનપણથી જ શીખવવામાં આવે છે. પ્રાથામિક શાળાના અભ્યાસક્રમમાં આવી કેટલીય સુંદર કવિતાઓ બાળકોને પ્રોત્સાહિત કરવા અને મનોબળ વધારવાના હેતુસર જ શીખવવામાં આવે છે. આવી જ એક સુંદર રચના અમૃત 'ઘાયલ' ની છે -

"રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઇ મનમાં મરી જવાના?
મનમાં વિચાર શું છે? અવિરામ કંઇ દીપક છે
પ્રકાશ ગાંધીઓમાં પણ પાથરી જવાના!
એક આત્મબળ અમારું દુઃખ માત્રની દવા છે,
હર જખ્મને નજરની ટાંકા ભરી જવાના!"

રોજબરોજના વ્યસ્ત જીવનથી થાકીને મન કયાંક ખોવાઇ જવા ઇચ્છે છે. પણ આપણે તો એને, મદારી સાપને ટપલી મારીને કરંડિયામાં પૂરી દે તેમ, શાંત પાડી દઇએ છીએ. મનને મારીને જીવતાં આપણને આવડી ગયું છે. ચાર્લ્સ નોરટન લખે છે કે, "તમારો વ્યવસાય ચાહે તે હોય અને તમારા કલાકો પ્રવૃત્તિથીગમે તેટલા ભરચક હોય, પણ તમારા આંતરજીવનને તાજગી આપવા યોગ્ય થોડીક પળો રોજેરોજ મેળવવાનું ચૂકશો નહી." મનની સ્વસ્થતાનો ઘણો આધાર તનની સ્વસ્થતા પર પણ રહેલો છે. તન અને મનની સ્વસ્થતા માટે વ્યક્તિની જીવનશૈલી શુદ્ધ અને સાત્વિક બને તે જરૂરી છે. આ માટે તેનું પ્રકૃતિ સાથેનું અનુસંધાન જળવાય તે પણ જરૂરી છે. પરંતુ, હવે પ્રકૃતિ સાથેનો આપણો સંપર્ક ધીરે-ધીરે છૂટતો જાય છે. મનોબળ દંઢ કરવા માટેની પ્રેરણા આ ઇશ્વરસર્જિત સૃષ્ટિમાંથી ભરપૂરપણે મળી આવે છે! આ ફૂલોને કોઇ મસળી નાખે છતાં તે કઇ રીતે મહેક્યા કરતાં હશે? કવિશ્રી મકરંદ દવે લખે છે કે,

"ફૂલો તો એની
ફોરમ ઢાળી રાજી
મસળી નાખે કોઇ તો સામે
મહેક દે તાજી તાજી!"

પુષ્પો, પંખીઓ, નદીઓ, દરિયો, પર્વતો આ તમામ કોઇને કોઇ સ્વરૂપે દૃષ્ટાંતરૂપ બનીને આપણા મનોબળને વધુ સુદંઢ અને જાગૃત કર્યા કરે છે. આ તમામ આપણને આવતી મુશ્કેલીઓનો હસતા મોઢે અને સ્હેજ પણ મનોબળ ગુમાવ્યા વિના સામનો કરતા શીખવે છે. પ્રકૃતિ હંમેશા મનુષ્યની પથદર્શક બનતી રહી છે.

મહાન ક્રાંતિકારી વિચારક ઇલિચ લખે છે કે, "આપણે બધા જ અધૂરા અને કમજોર છીએ; કેટલાક શારીરિક દૃષ્ટિએ, કેટલાક માનસિક તો કેટલાક ભાવનાત્મક દૃષ્ટિએ. આથી નવી દુનિયા માટે આપણે સાથે મળીને કામ કરવું પડશે. વિધ્વંસ, ઘૃણા અને ગુસ્સા માટે આપણી સામે સમય નથી. આપણે લોકોને ઘડવાના છે - આશા, પ્રસન્નતા અને ઉત્સાહ સહિત."

નિરાશ કે હતાશ બની ગયેલી કોઇ વ્યક્તિને આપણે મધુર સ્મિત, પ્રેમાળ વાણી અને લાગણીભર સ્પર્શ માત્રથી પણ મનોબળ આપી શકીએ! આજના આ જેટયુગમાં દરેક વ્યક્તિ પોતાની પાસે જે કાંઇ છે તેનાથી થોડું વધુ મેળવવા માટે સતત દોડ્યા જ કરે છે! દરેક જગ્યાએ તેને સંઘર્ષનો

● અનુસંધાન પાના - ૭